# સે-૧૫ કોલેજ મતગણતરી કેન્દ્ર ખાતે કાર્યકરોની ભારે ભીડ

## કોલેજ બહાર ગુલાલ, ફુલ-હાર, પાણીના પાઉચ તેમજ નાસ્તાની લારીઓનો ખડકલો



ગાંધીનગર, તા. ૨૩ ગાંધીનગર તાલુકા પંચાયતની ચુંટણીની મતગણરી પ્રક્રિયા આજે સવારે સેકટર-૧૫ સરકારી વિનયન કોલેજ ખાતે હાથ ધરાઈ હતી. ૩૬ બેઠકો પર ૮૩ ઉમેદવારો મેદાનમાં હતા અને તેઓના ભાવિનો ફેંસલો હોવાથી સવારથી જિલ્લાભરમાંથી હજ્જારો રાજકીય પક્ષોના કાર્યકરો અને ઉમેદવારોના સમર્થકો આવી પહોંચ્યા હતા.જયારે કોલજના ગેટની બહાર ડી.જે. અને બેન્ડવાજાના સંગીતના સથવારે કાર્યકરો નાચગાન કરતા નજરે પડ્યા હતા. જયારે વિજયી ઉમેદવારો જેમ બહાર આવતા ગયા તેમ ગુલાલની છોળો ઉડતા કોલેજની બહારનો માર્ગ ગુલાલમય બની ગયો હતો.

સેકટર-૧૫ કોલજ બહાર આજે સવારથી જ કાર્યકરો મોટીસંખ્યામાં આવી જતા અનેરો માહોલ જોવા મળ્યો હતો. સેકટર-૧૫ અને સે-૧૬ના આંતરીક માર્ગો પર ગાડીઓના ખડકલા જોવા મળી રહ્યા હતા. પોતાની જીત નક્કી હોય તેવા ઉમેદવારો ઘરેથી જ ડી.જે. અને વિજય સરઘસ માટેની તૈયારીઓ કરીને આવ્યા હતા. મતગણતરી કેન્દ્ર બહાર ડી.જે અને બેન્ડવાજામાં દેશભકિતના ગીતો સતત વાગી રહ્યા હતા. જયારે કેટલાક કાર્યકરો પોતાના પક્ષના ઝંડા લહેરાવતા નજરે પડી રહ્યા હતા. મતગણતરી કેન્દ્ર ખાતે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો હતો. છતા કોલેજ બહાર સામાન્ય બંન્ને પક્ષોના કાર્યકરો વચ્ચે ચકમક ઝરી હતી. ત્યારબાદ પોલીસે મામલો થાળે પાડ્યો હતો. જયારે મતગણતરી કેન્દ્રની બહાર નાસ્તાની લારીઓનો ખડકલો થઈ ગયો હતો જેમાં ચા-પાણી, ગરમાગરમ નાસ્તો, ફુલહાર તેમજ ગુલાલના વેપારીઓનો સમાવેશ થાય છે. ખાણીપીણીની લારીઓ ઉપર પણ ભારે ભીડ જોવા મળી હતી. જયારે મતગણતરી કેન્દ્રની બહાર માનવ મહેરામણને પગલે ટ્રાફિકજામના દ્રશ્યો પણ સર્જાયા હતા. જયારે વિજેતા ઉમેદાવારના સમર્થકોએ ગુલાલની છોળો ઉડાડતા માર્ગો પર ગુલાલમય બની ગયા હતા.



# શામળાજી નજીક નેશનલ હા.નં-૮ પર પડેલા ખાડાથી અકસ્માતનો ભય

અરવલ્લી જીલ્લામાંથી પસાર થતા નેશનલ હાઈવે.નં-૮ પર ઠેર ઠેર ખાડાઓ પડી જતા અહીંથી પસાર થતા વાહનચાલકોની હાલત કફોડી બની છે. સુપ્રસિદ્ધ યાત્રાધામ પર પડેલા ખાડાઓ કોઈ મોટો અકસ્માત નોતરે તે પહેલા સમારકામ કરવામાં આવે તેવું વાહનચાલકોમાં ભારે માંગ ઉઠી છે.

અમદાવાદ-ઉદેપુર નેશનલ હા.નં-૮ પર ઠેર ઠેર હાઈવે ખાડાઓ અને બીસ્માર હાલતના પગલે ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. શામળપુર નજીક પડેલા ખાડાઓ અંગે ગામના અગ્રણીઓ દ્વારા જવાબદાર તંત્રમાં વારંવાર રજુઆત કરવા છતાં રોડ પર



શામળાજી નજીક આવેલા શામળપુર ગામ નજીક ચોમાસામાં વરસેલા ધોધમાર વરસાદના પગલે મસ મોટા ખાડાઓ પડી જતા જવાબદાર તંત્ર દ્વારા ૬ મહિનાથી પડેલ ખાડાઓ પુરાવા અને રોડનું રીપેરીંગ કામ કરવામાં ઉદાસીનતા દાખવતા વાહનચાલકો અકસ્માતની ભીતિ સેવી રહ્યા છે. ત્યારે હાઈવે માર્ગ ઓથોરિટી દ્વારા રોડ ખાનગી કંપનીઓ દ્વારા ટોલ પ્લાઝા બનાવી ભારે ભરખમ હાઈવે પરથી પસાર થતા વાહનચાલકો પાસેથી રોજનો લાખ્ખો રૂપિયા ટોલટેક્સ પાટે ઉઘરાવવામાં આવે છે અને છાસવારે ટોલટેક્સમાં વધારો ઝીંકવામાં આવે છે બીજીબાજુ મસમોટો ટોલટેક્સ ભરતા વાહનચાલકો રોડ પર પડેલા મોટા રીપેરીંગનું કામ હાથ ધરવામાં ન આવતા ઉગ્ર રોષ ફાટી નીકળ્યો છે. એક બાજુ સરકાર અકસ્માત નિવારવા માર્ગ સલાહની સપ્તાહની ટૂંક સમય પહેલા ઉજવણી કરી હતી. બીજીબાજુ હાઈવે ઓથોરિટી અને જવાબદારતંત્ર રોડ પર પડેલ ખાડાઓ પુરાવામાં નિષ્ફળ રહેતા આવાજવાબદાર તંત્રના અધિકારીઓ સામે રાજ્ય સરકાર અને જીલ્લા વહીવટી તંત્ર દ્વારા સખ્ત કડક કાર્યવાહી કરવામાં આવેની વાહનચાલકોમાં માંગ પ્રબળ બની છે.

# પ્રાંતિજ પાલિકાના પ્રમુખ પદ માટે રાજકીય ચહલ-પહલ

પ્રાંતિજ, તા. ૨૩ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે નગરપાલિકાની ચૂંટણી બાદ હવે પાલિકા પ્રમુખને લઈને નાનીભાગોળ અને મોટી ભાગોળ વચ્ચે પ્રમુખ ને અટકળો તેજ થઈ છે. તો નાની ભાગોળ-મોટી ભાગોળ વચ્ચે પોતાના ઉમેદવારોને પ્રમુખ બનાવવા હાલ તો બન્ને ભાગોળ એડી ચોંટીનું જોર લગાવવામાં આવી રહ્યું છે. નાનીભાગોળ ખાતે પાટીદાર સમાજ મહિલા પાટીદારને પ્રમુખ બનાવવા તો મોટી ભાગોળ ખાતે ક્ષત્રિય સમાજની મહિલાને પાલિકામાં પ્રથમવાર પ્રમુખ સ્થાન મળે તે માટે મથામણ થઈ રહી છે.

સ્થાનિક સ્વરાજની પાલીકાઓની ચૂટણી બાદ હવે પાલિકાઓમાં પ્રમુખ માટેની દોટ લગાવવામાં આવી રહી છે. ત્યારે પ્રાંતિજ ખાતે પણ પાંચ વર્ષના શાસન માટે મોટા ભાગે ફિકસ હોય છે. જેમાં અઢી વર્ષ નાની ભાગોળ ભોગવે તો અઢી વર્ષ મોટી ભાગોળને લાભ મળે તો આ વખતે પણ બન્ને ભાગોળના પાલિકા ઉમેદવારો તથા ટેકેદારો પોતાના મનગમતા ઉમેદવારો પોતાના મનગમતા ઉમેદવારો માટે હાલ તો




ઉપરથી નીચે સુધીનું એડી ચોંટીનું જોર લગાવી રહ્યાં છે. જાણવા મળ્યા પ્રમાણે પ્રથમ અઢી વર્ષ માટે પ્રથમ મહિલા સામાન્ય મહિલા સીટ છે અને આવતાં અઢી વર્ષ બકસીપંચની સીટ છે જેમાં પુરુષ મહિલાનો સમાવેશ થશે. જ્યારે આ વર્ષે માત્ર સામાન્ય મહિલા સીટ પ્રમુખ દાવેદાર હોવાથી હાલ તો નાનીભાગોળ અને મોટી ભાગોળ વચ્ચે પ્રમુખની હરિફાઈ તેજ થઈ છે અને નાનીભાગોળ ખાતે પાટીદાર મહિલાને પ્રમુખ તરીકે જાહેર કરવા જોર લગાવવામાં આવી રહ્યું છે. મોટી ભાગોળ ખાતે ક્ષત્રિય સમાજની મહિલા માટે જોર લગાવવામાં આવ્યું રહ્યું છે ત્યારે હવે જોવાનું એ રહ્યું કે પોતાનાં ઉમેદવારને પ્રમુખ બનાવવા માટે કોનું કેટલું જોર કામ લાગશે તે તો આવનાર દિવસમાં જ ખબર પડશે. ત્યારે ભાજપ દ્વારા ભાવી પ્રમુખને લઈને વિજેતા ઉમેદવારોની મીટીંગ આજે માર્કેટયાર્ડ ખાતે રાખવામાં આવી હતી અને વિજય થયેલ ઉમેદવારોના પ્રમુખ માટે સેન્સ લેવામાં આવ્યાં હતા. જ્યારે ૨૬-૨-૨૦૧૮ના રોજ પાલિકા પ્રમુખની વિધિવત જાહેર કરવામાં આવશે.

# ખેડામાં ભાજપનો ભગવો લહેરાયો

## રાજયની ૧૭ તાલુકા પંચાયતોની ચૂંટણીના પરિણામોમાં આઠ પર કોંગ્રેસની જીત : સાત પર ભાજપનો ભગવો લહેરાયો : બંને પક્ષો વચ્ચે જોરદાર ટક્કર

અમદાવાદ,તા. ૨૩ રાજયની બનાસકાંઠા અને ખેડા એમ બે જિલ્લા પંચાયત અને ૧૭ તાલુકા પંચાયતની ચૂંટણીઓના પરિણામ આજે રાજય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ગુજરાત વિધાનસભા, ગ્રામ પંચાયતો, નગરપાલિકાની ચૂંટણીઓની જેમ ફરી એકવાર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી. આજે જાહેર થયેલા પરિણામોમાં બનાસકાંઠા જિલ્લા પંચાયત કોંગ્રેસે તેના પંજાનો પાવર બતાવ્યો છે અને સત્તા હસ્તગત કરી લીધી છે, તો ખેડા જિલ્લા પંચાયતમાં ભાજપે તેનો ભગવો લહેરાયો છે.

આ બે જિલ્લા પંચાયતમાંથી બંને પક્ષે એક-એક જિલ્લા પંચાયતની સત્તા મેળવવા સફળતા મેળવી છે. રાજયની ૧૭ તાલુકા પંચાયતોની યોજાયેલી ચૂંટણીમાં આઠ પર કોંગ્રેસે સત્તા હસ્તગત કરી છે, જયારે સાતમાં ભાજપનો ભગવો લહેરાયો છે. ઉલ્લેખનીય છે કે, નગરપાલિકાઓની ચૂંટણી બાદ તા.૨૧મી ફેબ્રુઆરીએ રાજયની બનાસકાંઠા અને ખેડા એમ બે જિલ્લા પંચાયતની ચૂંટણી યોજાઈ હતી, જેમાં બનાસકાંઠા જિલ્લા પંચાયતની ૬૬ બેઠકો માટે તો, ખેડા જિલ્લા પંચાયતની ૪૪ બેઠકો માટે મતદાન યોજાયું હુતં. બનાસકાંઠા જિલ્લાની એક બેઠક બિનહરીફ થઈ હતી. આજે જાહેર થયેલા પરિણામોમાં બનાસકાંઠા જિલ્લા પંચાયત કોંગ્રેસના ફાળે ગઈ છે. કોંગ્રેસે બનાસકાંઠાની ૬૬ બેઠકોમાંથી ૩૭ બેઠકો કબ્જે કરી છે, જયારે ભાજપને ફાળે માત્ર ૨૯ બેઠકો આવી છે. જયારે ખેડા જિલ્લા પંચાયતમાં ભાજપનો ભગવો લહેરાયો છે. ખેડા જિલ્લા પંચાયતની ૪૪ બેઠકોમાંથી ભાજપને ૨૮ અને કોંગ્રેસને માત્ર ૧૬ બેઠકો મળી છે. ખેડા જિલ્લાની કપડવંજ તાલુકા પંચાયતની ૨૬ બેઠકો પૈકી ભાજપને ૯ અને કોંગ્રેસને ૧૩ બેઠકો મળી છે. તો રાષ્ટ્રવાદી કોંગ્રેસને બે અને અપક્ષને બે બેઠકો મળી છે. જયારે કઠલાલ તાલુકા પંચાયતની ૨૪ બેઠકો પૈકી ભાજપને ૧૨ બેઠકો અને કોંગ્રેસને દસ બેઠકો તથા અપક્ષને બે બેઠકો મળી છે. આ સિવાય ગાંધીનગર તાલુકા પંચાયતમાં કોંગ્રેસ સત્તા મેળવવામાં સફળ રહ્યું છે.

# થરાદના ડેલ પાસે પસાર થતી નર્મદા નહેરમાં મહિલાએ ઝંપલાવતાં શોધખોળ હાથ ધરાઈ

થરાદ, તા. ૨૩ થરાદ તાલુકાના ડેલ ગામના સૂત્રોએ જણાવ્યું હતું કે ડેલની બાજુમાં આવેલા સણાવિયા ગામની અઢી વર્ષની પુત્રીની માતાએ બુધવારના સુમારે અગમ્ય કારણોસર ગામની પસાર થતી નર્મદાની મુખ્ય નહેરમાં ઝંપલાવી દીધું હતું. આ હૃદયદ્રાવક બનાવને થોડે દુરથી એક પ્રત્યક્ષદર્શીએ જોઈ જતાં તેણે બૂમાબૂમ કરી હતી. આથી બહોળી સંખ્યામાં એકઠા થઈ ગયેલા ખેડૂતોને તેણે એક મહિલાને નરી આંખે પડતી જોઈ હોવાનું જણાવતાં આ મહિલા કોણ હશે તેની આશંકા વચ્ચે થોડા કલાક પછી મહિલા ઘેરથી ગુમ થઈ હોય તેના પરિવારજનો પણ શોધતા શોધતા નહેર પર દોડી આવ્યા હતા. જ્યાં નહેર પર પડેલા ચપ્પલની નિશાનીને આધારે તે ગીતાબેન માજીરાણા હોવાની પરિવારે ઓળખ કરી સ્થાનિક તરવૈયાઓની મદદથી તેની શોધખોળ હાથ ધરાવી હતી. બીજીબાજુ ગ્રામજનોએ પણ નહેરમાં દંતાલી ફેરવી શોધખોળ હાથ ધરાવતા મહિલાનું ઓઢણું મળી આવ્યું હતું. આથી તેણી નહેરમાં ડુબાઈ હોવાની પ્રબળ આશંકા વચ્ચે રાત્રિના ૮ વાગ્યા સુધી શોધખોળ કરવા છતાં કોઈ પત્તો લાગ્યો ન હોવાનું જાણવા મળ્યું હતુ. આ બનાવથી થરાદ પંથકમાં અરેરાટી સાથે ચકચાર મચાવા પામી હતી. મહિલાના પરિવારના સદસ્યો ગામમાં ચૂંટણી માટે મતદાન કરવા ગયા હતા. એ અરસામાં મહિલા ઘેરથી નીકળીને નહેરમાં નહેર ઉપર આવી હોવાનું ચર્ચાસ્પદ બન્યું હતું.

## થાપણો ફ્રીઝ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જ્વેલરી ડિઝાઈનર સાથે સંબંધિત અનેક સ્થળો ઉપર ઈડી દ્વારા તપાસ કરવામાં આવી હતી. ગઈકાલે જ સંસ્થા દ્વારા શેર અને લકઝરી કાર જપ્ત કરવામાં આવી હતી. મોદી, તેમના કાકા અને ગીતાંજલિ જેમ્સના પ્રમોટર મેહુલ ચોક્સી અને અન્યોની પણ ઈડી અને અન્ય તપાસ સંસ્થાઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. સીબીઆઈ અને ઈડી દ્વારા બે એફઆઈઆર કેસમાં તપાસ કરવા નોંધવામાં આવી ચુકી છે. મોદી અને ચોકસી બંને ક્રિમિનલ કેસ તેમની સામે નોંધવામાં આવે તે પહેલા જ ભારતથી ફરાર થઈ ગયા હતા. અત્રે નોંધનીય છે કે, સમગ્ર દેશને હચમચાવી મુકનાર ૧૧૩૦૦ કરોડ રૂપિયાના પંજાબ નેશનલ બેંક છેતરપિડી કોંભાડના મામલે વ્યાપક દરોડાનો દોર જારી રહ્યો છે.

## મંત્રણા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમજૂતિ કરવામાં આવ્યા બાદ બંને નેતાઓ ખુશખુશાલ દેખાયા હતા. કેનેડાના વડાપ્રધાન સાથે સંયુક્ત પત્રકાર પરિષદ પણ મોદીએ યોજી હતી જેમાં જુદા જુદા મુદ્દા ઉપર બંને નેતાઓએ વાત કરી હતી. બંને દેશોના નેતાઓ ખુબ જ આત્મવિશ્વાસ સાથે દેખાઈ રહ્યા હતા. મોદીએ વાતચીત દરમિયાન કહ્યું હતું કે, બંને દેશો આતંકવાદ અને ઉગ્રવાદ જેવા મુદ્દાથી પરેશાન થયેલા છે. આતંકવાદ લોકશાહી સમાજ માટે ખતરારુપ છે. ત્રાસવાદને લઈને બને દેશો સાથે આવે તે જરૂરી છે. આતંકવાદનો કોઈપણ રીતે સ્વીકાર કરી શકાય નહીં. મોદીએ કહ્યું હતું કે, કેનેડાના વડાપ્રધાન અહીં પહોંચ્યા છે તેનાથી અમે ગર્વ અનુભવ કરી રહ્યા છે. કેનેડામાં એક લાખ ૨૦ હજારથી વધુ ભારતીય વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યા છે. બંને દેશોના પ્રોફેશનલોની અવરજવરને સરળ કરવા એમઓયુ ઓફ હાયર એજ્યુકેશન પર હસ્તાક્ષર કરાયા છે. ઉર્જાના ક્ષેત્રમાં પણ બંને દેશો સહમત થયા છે. કેનેડાની સાથે પોતાની સ્ટ્રેટેજીક પાર્ટનરશીપને આગળ વધારવા માટે ભારત ખુબ જ ઉત્સુક છે. બીજી બાજુ કેનેડાના વડાપ્રધાને ભારતમાં તેમના શાનદાર સ્વાગત બદલ આભાર માન્યો હતો અને કહ્યું હતું કે, બંને દેશો વિશ્વાસ સાથે આગળ વધી રહ્યા છે. વાતચીત દરમિયાન મોદીએ એમ પણ કહ્યું હતું કે, ભારતના સાર્વભૌમત્વ અને અખંડતાને પડકાર ફેંકનારને સ્વીકાર કરવામાં આવશે નહીં. ખાલિસ્તાનના મામલે મોદીએ પોતાના મનની વાત કરીહતી. વિભાજનની રણનીતિ રમનારની કોઈ જગ્યા નથી. વડાપ્રધાન તરીકે ટ્રુડોની આ પ્રથમ ભારત યાત્રા છે. તેમની ગુજરાત યાત્રાને લઈને તંત્ર દ્વારા પહેલાથી જ તમામ તૈયારીઓ કરી લેવામાં આવી હતી. તમામ રસ્તાઓને વ્યવસ્થિત કરવામાં આવ્યા હતા. પરિવાર સાથે પહોંચેલા ટુડો ખુબ જ આકર્ષણ જમાવી રહ્યા છે અને તેમના અંગે વધુ માહિતી મેળવવાના પ્રયાસ કરી રહ્યા છે.

## રિમાન્ડ મંજુર

● અનુસંધાન પહેલાનું ચાલુ

ટ્રાન્ઝિક્ટ રિમાન્ડ મળી ગયા બાદ આ મામલામાં વધુ વિગતો ખુલે તેવી શક્યતા દેખાઈ રહી છે. બંનેને એડિશનલ ચીફ મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટ સમર વિશાલ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. તપાસ સંસ્થાએ તેમને બે દિવસ માટે ટ્રાન્ઝિક્ટ રિમાન્ડની માંગ કરી હતી. લખનૌ લઈ જવાની માંગ કરવામાં આવી હતી. બંને આરોપીઓ માટે કોર્ટે એક દિવસના ટ્રાન્ઝિક્ટ રિમાન્ડની મંજુરી આપી હતી.

બંનેની લોન રિપેમેન્ટ મામલે ડિફોલ્ટ બદલ ગઈકાલે ધરપકડ કરવામાં આવી હતી. સીબીઆઈ દ્વારા એફઆઈઆર દાખલ કરવામાં આવી ચુકી છે. સાત બેંકોના કન્સોર્ટિયમે રોટોમેક ગ્લોબલ પ્રાઈવેટ લિમિટેડને ૨૯.૧૯ અબજ રૂપિયાની લોન આપી હતી. આ રકમ વ્યાજ સાથે વધીને ૩૬.૯૫ અબજ સુધી પહોંચી ગઈ હતી. કારણ કે પેમેન્ટ મામલે વારંવાર ડિફોલ્ટની સ્થિતિ રહી હતી. બેંક ઓફ બરોડા દ્વારા ફરિયાદ કરવામાં આવ્યા બાદ આ મામલામાં તપાસ હાથ ધરવામાં આવી હતી. સીબીઆઈએ વિક્રમ, તેમના પત્નિ સાધના, પુત્ર રાહુલ અને વણઓળખાયેલા બેંક અધિકારીઓ સામે કેસ દાખલ કર્યો હતો. જુદી જુદી બેંકોના સંદર્ભમાં રકમ બાકી રહેલી છે. બેંક ઓફ ઈન્ડિયાની લોન ૭.૫૪ અબજ રૂપિયાની છે જ્યારે બેંક ઓફ બરોડાની રકમ ૪.૭ અબજની છે. એવી દહેશત છે કે, કોઠારી પણ નિરવ મોદી અને મેહુલ ચોક્સીની જેમ દેશની બહાર ફરાર થઈ શકે છે.

## જોખમી બ્લોક

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સ્પષ્ટ થયુ છે. આ વિસ્તારમાં ૯૦ મકાનો જોખમી હાલતમાં હોવાથી માર્ગ મકાન વિભાગ દ્વારા રહીશોને છેલ્લા એક વર્ષથી નોટીસ આપી ખાલી કરી દેવા માટે સુચના આપવામાં આવી છે. પરંતુ અન્ય વૈકલ્પિક વ્યવસ્થાના અભાવ વચ્ચે રહીશો આ આવાસ ખાલી કરતા ન હોવાનુ પણ મનાઈ રહયુ છે. આવા સંજોગોમાં નવી ટાવર કોલોનીના આવાસોમાં જોખમી આવાસમાં વસવાટ કરતા રહીશોને અગ્રતા ક્રમે મકાન ફાળવવા માટે પણ પ્રબળ લાગણી ઉઠવા પામી છે. જોખમી આવાસોમાં વસવાટ કરતા રહીશો પર મોતનો ખતરો જળુંબી રહયો છે. માર્ગ મકાન વિભાગ દ્વારા આ પરિવારજનોની સુરક્ષાના મામલે ઉદાસીનતા સેવાઈ રહી હોવાનો રોષ પણ ઠાલવવામાં આવી રહયો છે. એકબાજુ સે-૨૯ માં નવા આવાસો તૈયાર કરી દેવાયા છે. ત્યારે હજુ પણ આ ટાવર કોલોનીનુ લોકાર્પણ કરવામાં આવ્યુ નથી.

### લીલા ઘાસચારાની બિયારણ વ્યવસ્થા મજબૂત બનાવવા

# એનડીડીબી દ્વારા વર્કશોપનું આયોજન

નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB)ના ચેરમેન શ્રી દિલીપ રથે ડો. કુરિયન ઓડિટોરિયમ, એનડીડીબી આણંદ ખાતે ઘાસચારાની બીજ ઉત્પાદન અને માર્કેટિંગ વ્યવસ્થા મજબૂત બનાવી લીલા ઘાસચારાનું ઉત્પાદન વધારવા અંગે એક નેશનલ વર્કશોપનું આયોજન કરાયું હતું. આ વર્કશોપમાં દૂધ ઉત્પાદક સંઘો / ફેડરેશન્સ, ડેરી સહકારી મંડળીઓના સીડ પ્રોસેસિંગ પ્લાન્ટસ આઈજીએફઆરઆઈ, ડીએડીએફ અને એનડીડીબી દ્વારા લીલા ચારાનું ઉત્પાદન વધારવા માટેના કેટલાક મુદ્દાઓ અને તે માટેના આયોજનની ચર્ચા કરી હતી.

પશુઓ માટે લીલો ઘાસચારો એ એક મહત્વનો અને કરકસરયુક્ત સ્ત્રોત છે. ભારત સરકારના કૃષિ મંત્રાલય અને ખેડૂત કલ્યાણ વિભાગના ડિરેકટોરેટ ઓફ ઈકોનોમિક્સ એન્ડ સ્ટેટિસ્ટીક્સના અહેવાલ મુજબ ૯.૨ મિલિયન હેકટર જમીન ઘાસચારાના વાવેતર હેઠળ છે અને અન્ય ૧૦.૩ મિલિયન હેકટર કાયમી ઘાસીયાં મેદાન અને કોમન ગોચર વિસ્તારો છે. આથી હાલમાં લીલા ચારાના વાવેતર વિસ્તારમાં સુધારેલી ઘાસચારાના વાવેતરની ટેકનોલોજી દ્વારા લીલા ઘાસચારાનું ઉત્પાદન અને ઉપજમાં વધારો કરવાની વ્યાપક સંભાવના છે. દેશમાં લીલા ઘાસચારાની ઉપજ મેળવવાનાં કારણોમાં ઘાસચારાના પાકનાં સર્ટિફાઈડ / ગુણવત્તાયુક્ત નોટીફાઈડ બીયારણની ઉપલબ્ધીનો અભાવ છે.

વર્કશોપ દરમ્યાન જે પ્રોઝન્ટેશન રજૂ કરવામાં આવ્યાં હતાં, તેમાં ભારતમાં ઘાસચારાના ઉત્પાદની સ્થિતિ અને તેમાં સુધારો કરવા માટેની વ્યુહરચના તથા ડેરી સહકારી મંડળીઓ દ્વારા માર્કેટીંગની વ્યવસ્થાનો સમાવેશ થાય છે. લીલા ઘાસચારાની ઉપલબ્ધી પશુઓના ઉત્પાદનમાં વધારો ઘાસચારાના બિયારણની સીડ કોટીંગ ટેકનોલોજીનું મહત્વ તથા તેમાં તાજેતરમાં થયેલા સુધારા, ઘાસચારાના બિયારણ ના ઉત્પાદન અને માર્કેટીંગ માટે ડીએડીએફની યોજનાઓ, બિયારણ ઉત્પાદન ટેકનોલોજી અને ડીસીએસના સ્તરે ફોડર સીડની વિતરણ વ્યવસ્થા જેવા મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી હતી.



## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત ભુંજરી જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપલાઈન ૯૦/૭૫ મી.મી. ૨૦૬૧/૧૩૩૯ મીટર લેબરકામ (નાકા ફળી) | ૪૮૭૯૫૭.૩૮ |
| ૨ | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૩૮૯૭/૮૩૮ મીટર લેબરકામ (પગીફળી) | ૪૮૭૯૫૭.૩૮ |
| ૩. | ઘર જોડાણ ૧૩૦ નંગ | ૧૩૦૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૨૭/૨/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૬/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી ભુંજરી જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**ભુંજરી જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી**

## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત ભુતીયા જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપલાઈન ૯૦/૭૫ મી.મી. ૨૪૭૫/૧૨૭૫ મીટર લેબરકામ (ચમાર ફળી) | ૪૮૨૬૨૫.૨૪ |
| ૨ | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૨૫૨૫/૧૨૦૫ મીટર લેબરકામ (માળીવાડફળી) | ૪૮૧૩૯૫.૭૩ |
| ૩. | ઘર જોડાણ ૧૩૦ નંગ | ૧૩૦૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૨૭/૨/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૬/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી ભુતીયા જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**ભુતીયા જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી**

## જાહેર નિવિદા

સ્વજલધારા NRDWP યોજના અંતર્ગત મુડશી જળ અને સ્વચ્છતા સમિતિ તા. મેઘરજ, જી. અરવલ્લી મુકામે નીચે મુજબના કામો કરવા માટે પા.પુ.ગ.વ્ય. બોર્ડ / સ્વજલધારાની કામગીરીના અનુભવી અને ઈ-૨ ઉપરના વર્ગની માન્યતા ધરાવત ઠેકેદારો પાસેથી રજી.પો.એ.ડી.થી ટેન્ડર મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| ૧. | વિતરણ પાઈપલાઈન ૯૦/૭૫ મી.મી. ૩૧૦૩/૬૬૭ મીટર લેબરકામ (અગટીયા ફળી) | ૪૩૭૭૬૦.૨૫ |
| ૨ | વિતરણ પાઈપ લાઈન ૯૦/૭૫ મી.મી. ૩૮૯૭/૮૩૮ મીટર લેબરકામ (ધોળાપાણા) | ૪૮૮૮૮૭.૦૫ |
| ૩. | ઘર જોડાણ ૨૫૧ નંગ | ૨૫૧૦૦૦.૦૦ |

પ્રત્યેક એક ટેન્ડરની ફી રૂ. ૬૦૦/- છે. કોરા ટેન્ડર આપવાની છેલ્લી તારીખ ૨૭/૨/૨૦૧૮ છે. એજન્સીએ રજીસ્ટ્રેશનની નકલ તથા અનુભવનું પ્રમાણપત્ર રજૂ કર્યેથી ટેન્ડર ઈસ્યુ કરવામાં આવશે. ટેન્ડર ભરીને મોકલવાની તારીખ ૬/૩/૨૦૧૮ છે. તથા ટેન્ડર ખોલવાની તારીખ ૮/૩/૨૦૧૮ છે. ટેન્ડર સાથે બાનાની રકમ પેટે ટેન્ડર રકમના ૧% રકમનો એફ.ડી.આર. / ડી.ડી. / બાનામુક્તિ પ્રમાણપત્ર અધ્યક્ષશ્રી મુડશી જળ અને સ્વચ્છતા સમિતિના નામનો મોકલવાનો રહેશે. કોઈપણ કારણ આપ્યા વગર ટેન્ડર મંજુર કે રદ કરવાનો અબાધિત અધિકાર સમિતિનો રહેશે.

**ટેન્ડર મોકલવાનું સરનામું**
**મુડશી જળ અને સ્વચ્છતા સમિતિ**
**તાલુકો - મેઘરજ, જીલ્લો - અરવલ્લી**